C.C.No.2751/2025.

| GJRJ050036422025 | ફરિયાદ રજૂ થયા તારીખ | ૧૨/૧૧/૨૦૨૫ |
|---|---|---|
| | ફરિયાદ દાખલ તારીખ | ૧૨/૧૧/૨૦૨૫ |
| | ફરિયાદ નિકાલ થયા તારીખ | ૨૪/૦૩/૨૦૨૬ |
| | અવધિ | વર્ષ માસ દિવસ<br>૦ ૪ ૧૨ |

**<u>મહે.જેતપુરના જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની</u>**

**<u>કોર્ટમાં, મુ.જેતપુર.</u>**

**ફોજદારી કેસ નં.૨૭૫૧/૨૦૨૫.**
જે.સી.ગુ.ર.નં.૦૬૮૨/૨૦૨૪.
આંકઃ–

**ફરિયાદીઃ–** શ્રી સરકાર.

**//વિરુદ્ધ//**

**આરોપીઃ–** ઉમેશભાઈ ભાણજીભાઈ ચારોલા ઉ.વ.૪૨
રહે.ઝુપડપટ્ટીમાં ઈંટોના ભઠ્ઠા પાસે,
પ્રોવીઝન સ્ટોર બાજુમાં દાનવ સોસાયટી
તા.ધારી, જી.અમરેલી.

---

ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી આર.કે.વસાવા.
<u>આરોપી તર્ફે વિ.વ.શ્રી.જે.એસ.મકવાણા</u>

---

---

બી.એન.એસ. કલમ–૩૦૩(૨), ૫૪, ૩૧૭(૨) મુજબ.

---

## //ચુકાદો//

**(૧)** આ કેસમાં આરોપી સામે બી.એન.એસ. કલમ–૩૦૩(૨), ૫૪, ૩૧૭(૨) મુજબ ગુનો નોંધવામાં આવેલ છે.

**(૨)** આ કેસમાં ફરિયાદપક્ષની ટૂંકમાં એવી હકીકત છે કે, આરોપીએ તા.૧૮/૮/૨૦૨૪ ના આશરે સાંજના સાતેક વાગ્યાનાં વખતમાં આ કામના ફરીયાદીને આરોપી નં.(૧) મુન્નાભાઈ ઉકાભાઇ મકવાણા, રહે. જેતપુર તથા નં.(૨) રાકેશભાઇ અશોકભાઇ રાજાણી, રહે. જેતપુર તથા નં.(૪) પરેશભાઇ નરશીભાઇ સોલંકી, રહે જેતપુર તથા નં.(૫) ઉમેશભાઈ ભાણજીભાઇ ચારોલા, રહે. ઝુપડપટ્ટીમાં, બસ સ્ટેન્ડ પાછળ, ચલાળા, જી અમરેલી વાળાઓએ ઓટો રિક્ષાવાળામાં ફરીયાદીને બેસાડી નજર ચુકવી બદ દાનતથી અને ફરીયાદીની સંમતી વગર ડાબા હાથમાં પહેરેલ સોનાની એક બંગડી જેની કિ.રૂ.૬૦,૦૦૦/– ની ચોરી કરી લઇ જઇ તેમજ આરોપી નં.(૩) અમરભાઇ રમેશભાઈ ડાભી, રહે. જેતપુર વાળાને જાણી જોઈ ચોરીનો મુદામાલ હોવાનું જાણવા છતા પોતે લાલચમાં આવી સોનાની બંગડી ઓછી કિંમતમાં પોતાના આર્થીક ફાયદા માટે આરોપી નં.(૨) પાસેથી ખરીદી કરી ગુનામાં એક બીજાની મદદગારી

કરી તપાસ દરમ્યાન આરોપી નં.(૧) થી નં.(૪) સામે ચાર્જશીટ થતાં આરોપી ઉમેશભાઈ ભાણજીભાઇ ચારોલા મળી આવેલ ન હોય ત્યારબાદ મળી આવતાં, આરોપી સામે બી.એન.એસ. કલમ-૩૦૩(૨), ૫૪, ૩૧૭(૨) મુજબનો ગુન્હો કરેલ છે.

(૩) ફરિયાદીની ફરિયાદને આધારે તપાસ પૂરી થયા બાદ પોલીસે ચાર્જશીટ રજૂ કરેલ છે. ચાર્જશીટને આધારે આરોપીને સમન્સ બજી હાજર થતાં આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ-૨૩૦ મુજબ પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મુલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આંક-૩થી તહોમતનામું ,આંક-૦૪ થી આરોપીની ગુના સંબંધેની પ્લી રેકર્ડ કરતાં, આરોપીએ ગુનાનો ઈનકાર કરતાં, આરોપી સામે ગુનાની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરિયાદપક્ષે આરોપી વિરુદ્ધ કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજૂ કરેલ છે.

**//મૌખિક પુરાવો//**

| અનુ. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદી ભાનુબેન રવજીભાઈ રાઠોડની જુબાની. | ૦૫ |

**//દસ્તાવેજી પુરાવો//**

| અનુ. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદ. | ૦૬ |
| ૨. | પંચનામાઓ | ૭ થી ૧૦ |

(૫) ફરિયાદપક્ષે આંક–૧૧થી પુરાવો પૂરો થયેલાનું જાહેર કરતા ફરિયાદપક્ષે આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો પડતો ન હોય ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ–૩૫૧અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) ફરિયાદપક્ષે વિદ્વાન એ.પી.પી શ્રી તથા બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રીને સાંભળ્યા.

(૭) આ કેસની ઉપરોક્ત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**//મુદ્દા//**

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,આરોપીએ તા.૧૮/૮/૨૦૨૪ ના આશરે સાંજના સાતેક વાગ્યાનાં વખતમાં આ કામના ફરીયાદીને આરોપી નં.(૧) મુન્નાભાઈ ઉકાભાઇ મકવાણા, રહે. જેતપુર તથા નં.(૨) રાકેશભાઇ અશોકભાઇ રાજાણી, રહે. જેતપુર તથા નં.(૪) પરેશભાઇ નરશીભાઇ સોલંકી, રહે જેતપુર તથા નં.(૫) ઉમેશભાઈ ભાણજીભાઇ ચારોલા, રહે. ઝુપડપટ્ટીમાં, બસ સ્ટેન્ડ પાછળ, ચલાળા, જી અમરેલી વાળાઓએ ઓટો રિક્ષાવાળામાં ફરીયાદીને બેસાડી નજર ચુકવી બદ દાનતથી અને ફરીયાદીની સંમતી વગર ડાબા હાથમાં પહેરેલ સોનાની એક બંગડી જેની કિ.રૂ.૬૦,૦૦૦/– ની ચોરી કરી લઇ

જઇ તેમજ આરોપી નં.(૩) અમરભાઇ રમેશભાઈ ડાભી, રહે. જેતપુર વાળાને જાણી જોઇ ચોરીનો મુદામાલ હોવાનું જાણવા છતા પોતે લાલચમાં આવી સોનાની બંગડી ઓછી કિંમતમાં પોતાના આર્થીક ફાયદા માટે આરોપી નં.(૨) પાસેથી ખરીદી કરી ગુનામાં એક બીજાની મદદગારી કરી તપાસ દરમ્યાન આરોપી નં.(૧) થી નં.(૪) સામે ચાર્જશીટ થતાં આરોપી ઉમેશભાઈ ભાણજીભાઇ ચારોલા મળી આવેલ ન હોય ત્યારબાદ મળી આવતાં, આરોપી સામે બી.એન.એસ. કલમ–૩૦૩(૨), ૫૪, ૩૧૭(૨) મુજબનો ગુનો કરેલ છે?

**(૨)** શું હુકમ ?

(૮) ઉપરોક્ત મુદ્દાની કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નીચે મુજબના મારા નિર્ણયો છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોક્ત મુદ્દા અંગેના કારણો નીચે મુજબ છે?

**<u>//કારણો//</u>**

**<u>મુદ્દા નં–૧.</u>**

**(૧૦)** ઉપરોક્ત મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય, જેથી હકીકતો તથા દલીલોનું પુનરાવર્તન અટકાવવા તેની એક સાથે ચર્ચા કરવામાં આવે છે. આરોપી વિરુદ્ધ બી.એન.એસ. કલમ–

૩૦૩(૨), ૫૪, ૩૧૭(૨) મુજબના શિક્ષાને પાત્ર ગુનાનું તહોમત છે, તેવા સમયે આરોપી વિરુદ્ધનુ તહોમત વાજબી શંકાથી પર સાબિત કરવાનો બોજો ફરિયાદપક્ષના શિરે છે.

(૧૦.૧)**303(2):-** Whoever commits theft shall be punished with imprisonment of either description for a term which may extend to three years, or with fine, or with both and in case of second or subsequent conviction of any person under this section, he shall be punished with rigorous imprisonment for a term which shall not be less than one year but which may extend to five years and with fine:

54. **Abettor present when offence is committed**. Whenever any person, who is absent would be liable to be punished as an abettor, is present when the act or offence for which he would be punishable in consequence of the abetment is committed, he shall be deemed to have committed such act or offence.

317(2)**Stolen property**. Whoever dishonestly receives or retains any stolen property, knowing or having reason to believe the same to be stolen

property, shall be punished with imprisonment of either description for a term which may extend to three years, or with fine, or with both.

(૧૧) આ કામે રેકર્ડ પરનો સમગ્ર પુરાવો જોતાં, ફરિયાદપક્ષે આ કામના ફરિયાદી ભાનુબેન રવજીભાઈ રાઠોડનાઓની આંક-૦૫ની જુબાની જોતાં, તેઓએ ફરિયાદપક્ષની હકીકત કરતા તદ્દન અલગ જણાવેલ છે તેમજ તેઓ જુનાગઢથી જેતપુર બસમાં આવેલ અને જેતપુર તીનબતીચોક ધોરાજી રોડ પર પેટ્રોલપંપ પાસે રીક્ષામાં બેસેલ ત્યારે અન્ય ઈસમો પણ બેસેલ અને તે દરમ્યાન સોનાની બંગડી મળી આવેલ નહી, તેઓની બંગડી કયાં અને કેવી રીતે ગયેલ તેની તેમને ખબર ન હતી. બનાવ અંગે ફરીયાદ આપેલ જે ફરીયાદ આંક-૦૬ થી રજુ રાખેલ છે. તેઓની બગડી તેમને પરત મળી ગયેલ છે. તેમને આગળ કોઈ કાર્યવાહી કરવી નથી.સદર સાહેદ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવ્યા છે. ઉપરાંત ફરિયાદપક્ષની ઊલટતપાસમાં પણ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરતો કોઈ પુરાવો આપેલ નથી.

(૧૨) ન્યાયના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવો પડે. હાલના કેસમાં રજૂ થયેલ તમામ પુરાવાઓને લેતા સદર કામે ફરિયાદપક્ષના ફરીયાદીએ ફરિયાદ

પક્ષની હકીકતને સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષ દ્વારા તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવ્યા છે.

આ સંદભે નામદાર સર્વોચ્ચ અદાલતે ***Sat Paul Vs. Delhi Administration . 1976 1 SCC 727*** માં નીચે મુજબ ઠરાવેલ છે,

*(SCC pp. 745-46, para 52)*

*"From the above conspectus, it emerges clear that even in a criminal prosecution when a witness is cross-examined and contradicted with the leave of the court, by the party calling him, his evidence cannot, as a matter of law, be treated as washed off the record altogether. It is for the Judge of fact to consider in each case whether as a result of such cross-examination and contradiction, the witness stands thoroughly discredited or can still be believed in regard to a part of his testimony. If the Judge finds that in the process, the credit of the witness has not been completely shaken, he may, after reading and considering the evidence of the witness, as a whole, with due caution and care, accept, in the light of the other evidence on the record, that part of his testimony which he finds to be creditworthy and act upon it.* ***If in a given case, the whole of the testimony of the witness is impugned, and in the process, the witness stands squarely and totally discredited, the Judge should, as a matter of prudence, discard his evidence in toto."***

આ કેસમાં ફરિયાદ આપનાર ફરિયાદીની જુબાની જોતાં, ફરિયાદપક્ષની હકીકત મુજબ તેમનું સોનાની બંગડી કયાં અને કેવી

રીતે ચોરાયેલ તેની તેમને ખબર નથી. તેમજ બનાવ વિશે તેઓ કાંઈ જાણતાં નથી તેમજ ચોરી થયેલ કે કેમ તે તેઓ કહી શકે નહી તેમજ ફરીયાદમાં તેઓએ આરોપીનું નામ લખાવેલ નહી. આ ઉપરાંત ફરિયાદપક્ષે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ પુરવાર થયેલ નથી. જેથી ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવાના સંદર્ભે જયારે ફરિયાદપક્ષના મહત્વના સાક્ષી દ્વારા જ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન મળેલ ન હોય તે સંજોગોમાં આરોપી સામેની વધુ કાર્યવાહી ન કરતા ફરિયાદપક્ષની હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે. જયારે હાલના કેસમાં ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરતો કોઈપણ પુરાવો રજૂ થયેલ ન હોય તે સંજોગોમાં આરોપી સામેના આક્ષેપિત ગુનામાં આરોપીને પોતાના બચાવ માટેનો લાભ મળે છે. જેથી ફરિયાદપક્ષના સાહેદ દ્વારા રજૂ થયેલ પુરાવાઓ દ્વારા આરોપી સામે મુકવામાં આવેલ તહોમત પુરવાર થતું ન હોય ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરેલ ન હોય મુદ્દા નં.૧નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**//હુકમ//**

૧. આ કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ-૨૭૧(૧) અન્વયે બી.એન.એસ. કલમ-૩૦૩(૨), ૫૪, ૩૧૭(૨) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીના જામીનખત આથી રદ કરવામાં આવે છે. વધુમાં આ કામના આરોપીએ **ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ–૪૮૧ મુજબ** રૂ.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા)ના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે. વિકલ્પે અગાઉના જામીનદારની પુરસીસ રજૂ કરવી.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૨૪, માહેઃમાર્ચ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખઃ ૨૪/૦૩/૨૦૨૬.**

**મુકામઃ જેતપુર.**

**(ધવલકુમાર મીઠાભાઈ પરમાર)**

**જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**

**જેતપુર**

**UIC–GJ01563.**

Typed by:– K.M.V.Guj.steno.